## -:: રાજકોટ મહાનગરપાલિકા ::-

## ભરતી અંગેની જાહેરાત

રાજકોટ મહાનગરપાલિકામાં નીચે જણાવ્યા મુજબની જગ્યાઓ ફીક્સ પગારથી ભરવા માટે તા.૨૫/0૧/૨0૧૬ સુધીમાં ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે.

| જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા તથા કેટેગરી | માસિક ફિક્સ પગાર |
|---|---|---|
| (૧) સુપીરીયર ફીલ્ડ વર્કર | કુલ - ૭ (સાત)<br>બિનઅનામત-૫ અ.જા. -૧<br>સા.શૈ.પ. -૧ | ૭૮00/- |
| લાયકાત | એસ.એસ.સી. અથવા મેટ્રીક. એન્ટી લાર્વા કામના તેમજ મેલેરીયા, ફાયલેરીયા કામનાં બે થી ત્રણ વર્ષનાં અનુભવીને પ્રથમ પસંદગી. | |
| (૨) ફીલ્ડ વર્કર | કુલ - ૧૬ (સોળ)<br>બિનઅનામત-3, અ.જ.જા. -3,<br>સા.શૈ.પ. -૧0 | ૭૧00/- |
| લાયકાત | લખી-વાંચી શકે તેવા ધોરણ-૮ સુધીનો અભ્યાસ, સસક્ત અને સારી ચાલ ચલગત ધરાવનાર, એન્ટી લાર્વા મેઝર્સની બે થી ત્રણ વર્ષની કામગીરી કરનારને પ્રથમ પસંદગી. | |
| વયમર્યાદા | ૧૮ વર્ષથી ઓછી નહીં અને 30 વર્ષથી વધુ નહીં. આરક્ષિત વર્ગનાં ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં સરકારશ્રીના ધોરણે છૂટછાટ આપવામાં આવશે. રાજકોટ મહાનગરપાલિકાનાં કર્મચારીઓ માટે વય મર્યાદા લાગુ પડશે નહીં. | |

- ❖ ઉક્ત જગ્યાઓ ગુજરાત સરકારશ્રીની ગ્રાંટ આધારીત હોય ગુજરાત સરકારશ્રી તથા રાજકોટ મહાનગરપાલિકા વખતો-વખત જે નીતી-નિયમો નકકી કરે તે લાગુ પડશે. જે બંધનકર્તા રહેશે.
- ❖ ઉક્ત જગ્યાઓ પર ઉમેદવારી નોંધાવવા માટે રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઇટ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. અન્ય કોઇ માધ્યમ મારફતે કરવામાં આવેલ અરજી રદબાતલ ગણવામાં આવશે. ઉપરોક્ત જગ્યાઓ તથા તેને લગત વધુ વિગતો **www.rmc.gov.in** પરથી મેળવી શકાશે.
- ❖ આરક્ષિત વર્ગનાં ઉમેદવારોએ રૂ.૫0/-(પચાસ) તથા અન્ય ઉમેદવારોએ રૂ.૧00/-(એકસો) ની પરીક્ષા ફી નિયત કરેલ બેંક ખાતે જમા કરાવવાની રહેશે તેમજ સા.શૈ.પ.નાં ઉમેદવારે ચાલુ નાણાંકીય વર્ષનું ક્રીમીલેયર સર્ટીફીકેટ ફરજીયાત રજૂ કરવાનું રહેશે અન્યથા અરજી ધ્યાને લેવામાં આવશે નહિ.
- ❖ આવેલ અરજીઓ પરત્વે, જરૂર જણાયે, મેરીટના ક્રમાનુસાર, મર્યાદિત સંખ્યામાં ઉમેદવારોને પસંદગીની પ્રક્રિયા માટે બોલાવવામાં આવશે.

કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા